સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૧ / શુમારો : ૧ ﷽ કુલ પાના - ૧૦

# الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ મોહર્રમુલ હરામ ૧૪૩૦ હી., ૨૮-૧૨-૨૦૦૮

## -::: ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની પૈશગોઈ :::-

### રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝબાને મુબારકથી

શાહે કરબલા સૈયેદુશ શોહદા ઈમામ હુસૈન (અ.સ.) "**ફરકદૈન**" - બે ચમકતા સિતારાઓમાંના એક ફરકદ એટલે ચમકતા સિતારા હતા. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, સૂરજની તલાશ કરો. જો તે તમને ન મીલે તો ચાંદ ની તલાશ કરો. જો તે પણ તમને ન મીલે તો ઝોહરા (શુક્રના તારા) ની તલાશ કરો. જો ઝોહરા પણ ગાઈબ હોય તો ફરકદૈનને ઢુંઢો. આપના આ ઈરશાદની માઅના એ હતી કે, આપના સબબ રિસાલત-નુબૂવતનુ નૂર આ જહાનમાં ઝાહિર થયું, ઈમાનદારોને સીધી હિદાયત મીલી લેહાઝા આપે આપની ઝાતે શરીફ સાથે સૂરજની મિસાલને જોડી હતી. અલ્લાહતઆલાએ પણ કુરઆને કરીમમાં આપને "**સિરાજુમ મુનીર**" - ચમકતા સીતારા ના મુબારક લકબથી ખિતાબ કીધેલો છે.

જો આપ (સ.અ.વ.વ.), આફતાબ-સૂરજ હોય તો આપના વસી, મૌ.અલી (અ.સ.) માહતાબ-ચાંદ હતા અને મૌ.ફાતેમા (અ.સ.), ઝોહરા સિતારાની મિસાલ પર હતા અને બેવે નવાસા સૈયેદા શબાબે અહલિલ જન્નત ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.), ફરકદૈન - બે ચમકતા સિતારાની મુજબ હતા. આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, નસ્લે મુતહહર-પાક ઝુર્રીયત રોશન અકલવાલા અને અલામતોને જોઈ છે. પોતાના નૈક બંદાઓ વાસ્તે જે જોઈ છે અને નઝરોથી દૂર કુદરતથી જે ગાઈબ ચીઝો છે મારી ઔલાદમાંથી આ તે છે કે, જેઓના સબબ આખેરતની નિશાનીઓને અલ્લાહતઆલાએ સવાબ તય કીધેલો છે તેને આસ્માનોમાં અલ્લાહની તેને જોઈ છે.

> **હમારા મૌલા સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ હમારા કારેઈન મુમેનીન વાસ્તે, અય અલ્લાહતઆલા, તું ૧૪૩૦ હિ.નું સાલે જદીદ બરકાતે હુસૈનીયાહના તુફૈલથી મુબારક કરજે, ખુશહાલી અને સુકૂન બખ્શનાર કરજે.**

ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત બાબત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જિબ્રઈલ અમીને બારગાહે રિસાલતમાં હાઝિર થઈને કહ્યું કે, યા રસૂલુલ્લાહ ! "**રઅદ**" કે જે વાદલોનો ફરિશ્તો છે, તેએ આપની મુલાકાત કરવા વાસ્તે ખુદાતઆલાથી રઝા માંગી છે અને તે ફરિશ્તો આપના પાસે આવી રહ્યો છે. મૌ.અલી (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત જિબ્રઈલ આ પૈગામ લઈને આવા તે વક્ત હમેં આપ (સ.અ.વ.વ.) ને નઝદીક બેસા હતા. વાદલના ફરિશ્તાએ આપ (સ.અ.વ.વ.) ની હઝરતે રિસાલતમાં આવી સલામો ઈકરામ કીધા. આપે ફરમાવું કે, અય રઅદ, શું તમને મારાથી કોઈ ખાસ ખાનગી કામ છે ? તેએ કહ્યું કે, હાઁ, અય અલ્લાહના પ્યારા નબી! પછી આપ તેને આપના મખ્સૂસ કમ્રામાં લઈ ગયા. પહેલા આપ અંદર પધારા પણ રઅદ બાહર ઊભો રહ્યો અને આપે તેને અંદર આવવાનું કહ્યું. રઅદ ઘરમાં દાખિલ થયો અને આપ ચટાપાટ સુઈ ગયા. આ હંગામમાં ઈમામ હુસૈન (અ.સ.) દોડતા દોડતા આપના કમ્રામાં આવા અને આપના પેટ પર બેસી ગયા, ત્યારે ઈમામ હુસૈન કમસિન નાના ફરઝંદ હતા. રઅદ ફરિશ્તાએ પૂછ્યું કે, યા રસૂલુલ્લાહ, આ દિકરા કોણ છે ? આપે જવાબમાં કહ્યું કે, **મારો અને મારી દિકરી ફાતેમાનો દિલબંદ હુસૈન છે.** રઅદ ફૌરન બોલો કે, આપના આ પ્યારા દિકરાને તો આપની જ ઉમ્મતના લોગો કત્લ કરશે. જો આપ ચાહો તો હું તે શહેરની

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**સલામ બોલવું હમારી ઉમ્મતે ઈસ્લામીયાહની તાઅઝીમ છે.**

## -::: ફખ્ર સે કહો હમ હુસૈની હિન્દુસ્તાની હૈ :::-

બનિસ્બતે મૌ.હુનૈદ (અ.સ.), સરઝમીને હિન્દુસ્તાન એક પાકીઝા અને અફઝલ જગા છે જ્યાં દૌરૂસ્સતરની દાઅવતની ઈબ્તેદા થઈ અને આપે મૌ.આદમ સફીયુલ્લાહને કાઈમ કીધા. હઝારો સાલથી અર્ઝે હિન્દુસ્તાન અલ્લાહતઆલાની દાઅવતની અસ્લો બુનિયાદ છે. હક્કના મુમેનીનની પૈદાઈશ આ મુબારક ઝમીનમાં થઈ, લેહાઝા **મૌ.હુનૈદથી હમેં હિન્દુસ્તાની થયા.** હિન્દુસ્તાનના જઝીરામાં આજે ફાતેમી દાઅવત બાકી અને કાઈમ છે. હમારા મઆશ, ઈમાન અને મઝહબની હિફાઝત વાસ્તે આ જ ઝમીને આદમ અફઝલો આઅલા છે. હમને યહાઁ સુકૂન છે, રાહત છે અને આ ઝમીનની બરકતથી જે તરહ હમારા આબાઓ અજદાદે દીને અસ્લી, મઝહબે અહલે બૈત (અ.સ.) નો તરીકો સાચવેલો છે તેના પર હમને નાઝ છે.

હમારા દોઆતે હક્ક (અ.સ.) ની હિદાયત પર હમારી તરબીયત અને તબીઅતનો પાયો છે. આપ ફરમાવે છે કે, "જે મુલ્કમાં તમારી રોઝીનો નસીબો હોય તે લોગોમાં તમેં એવા ઘુલીમીલી જાવ કે, જેમ દૂધમાં શકર મીલી જાય છે. દૂધ પીનારને એમ અંદાઝો જ ન થાય કે કઇ ચીઝ કોનામાં મીલેલી છે. એ લોગો તમારાથી સલામત અને તમેં એમનાથી સલામત. તમેં આસપાસના સમાજમાં ખુશી-ફરહત જોશો તો તમેં ખુશ રહી શકશો. ઈમાનની હકીકતોમાં છે કે, તમેં જે ઝમીનમાં રહેતા હોવ તેમાં ફિત્નો ફસાદ ન ફેલાવો, નાહક્ક કોઈને કત્લ ન કરો, લોગો સાથે ખુશ-સુલૂકીથી અને વફાદારીથી ઝિંદગી ગુઝારો. **તમારો મઝહબ પાકો સાફ મઝહબ છે અને મોહબ્બતો ઇખ્લાસનો પૈગામ આપે છે તે દેહશતગરદી અને ફિત્નાખોરીથી સખ્ત ખિલાફ છે.** તો જેમ અલ્લાહ પાકીને પસંદ કરે છે અને પોતાના બંદા પર રહેમ કરે છે, તેમ તમેં જિસ્મો જાનથી પાક થાવ અને અલ્લાહની મખ્લૂક સાથે મોહબ્બત કરો."

આ કલામે મુફીદ હમારી ઝિંદગી સઁવારવાને વાસ્તે કાફી છે. ઝરૂર, હમારૂ દીન જેહાદ કરવાનો હુકમ કરે છે પણ સાહબે હક્કનું ફરમાન અને જેહાદ વાસ્તે એલાન થાવું લાઝિમી છે. જેહાદ એક તરહની નથી પણ ઘણી તરહની છે જેમકે, કલમથી, માલથી, જાનથી, જિસ્મથી, ઈલ્મથી જેહાદ થઈ શકે છે. અહલે બૈત (અ.સ.) ના મઝહબના સિવાયના લોગો જેહાદનો મતલબ સમઝી શકા નથી, કેમકે જેહાદના રૂકનના માલિક તો અલીયુલ મુરતઝા (અ.સ.) છે. હવે જેઓ જેહાદના માકિલના દરજાને જ ન સમઝા તેઓ જેહાદ કરવાને શું સમઝે? અલ્લાહના દીન વાસ્તે યા ઈસ્લામના નામ પર યા જેહાદની આડમાં જે કઈ દેહશતગરદીના કારનામા હાલમાં દુનિયાભરમાં અંજામ અપાઈ રહ્યા છે, તે અહલે બૈત (અ.સ.) ના ઊસૂલોને ઐન ખિલાફ છે. **આ તો સરાસર બુઝદિલી, કુફ્ર અને શયતાની કાવિશનો ખુલ્લો મુઝાહેરો છે.** આ ખૂઁખાર ઈરાદાઓનો અંદાઝો ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના દિન શહરે મુંબઈ પર થયેલા દેહશતગરદોના ખૌફનાક હમલાથી આંકી શકાય છે. અલ્લાહતઆલા હમારા હુસૈની મુમેનીન અને અહલે વતનને આ શર થી અમનો અમાનમાં રાખે.

દેહશતગરદો-આતંકવાદીઓ ભલે અલગ-અલગ લિબાસમાં હોય પણ તેઓની ફિતરત અને ઝેહનીયત એક તરહની હોય છે. તે છે, ફિત્નો અને ફસાદ પૈદા કરવો. હર જમાઅતમાં આતંકવાદીઓ હોય છે અને હમારો સમાજ કઈ તેઓથી ખાલી નથી. મુમેનીનની દાઈએ હક્ક સાથે યા બીજા સાથે મોહબ્બતમાં ખલલ કેમ પૈદા થાય ! માહૌલ ફસાદદાર કેમ થાય ! તેની આ હથિયાર બગૈરના આતંકવાદીઓ મૌકાની તલાશમાં રહે છે. મૌકા મીલતા જ હમલો કરે છે અને પોતાની નાપાક ઝબાન અને ઈબ્લીસી ઈરાદાથી કાચા અમલ, કાચા કાન અને કાચા અકીદાના લોગોને દીને હક્ક પરથી ભટકાવી, ખોટી વાતો બનાવી મોહબ્બતને નફરતમાં તબદીલ કરી નાંખે છે. આતંકવાદીઓનો મકસદ જ ભોલાભાલા લોગોને ટાર્ગેટ બનાવવાનો હોય છે જેમને ખરા-ખોટાનું કોઈ ઈલ્મ હોતું નથી. બસ, તેઓ આવા આતંકવાદીઓની ઝહેરીલી ઝબાનના શિકાર બની જાય છે. આતંકવાદીનો કોઈ મઝહબ હોતો નથી અને જેનો મઝહબ જ ન હોય તે કોઈને વફાદાર રહી શકતો નથી. જમાઅતના આતંકવાદીઓનો પણ આ જ હાલ છે કેમકે, જે પોતાના રઈસે કૌમ દાઈયુલ્લાહ ને વફાદાર નથી તે લોગો સાથે વફાદારીનો સવાલ જ ઉભો નથી થાતો !

જેમ હમારી જમાઅતની વફાદારી હમારા ખૂનમાં છે તેમ હમારા મુલ્ક હિન્દુસ્તાનની વફાદારી પણ હમારા હર અમલમાં સમાએલી છે. હમારા હુસૈન (અ.સ.) ના હમેં આશિકો છીએ, તો હુસૈન (અ.સ.) ની વફાદારી-કુરબાનીની ઝબાનથી આજે હમેં છાતી ઠોકીને કહી શકીએ છીએ કે, **" હમેં ફખ્ર હૈ કે હમ હુસૈની હૈ, હમ હિન્દુસ્તાની હૈ. "** ★

**જે ઈલ્મ ફાયદો ન કરે તે એવા ખઝાના જેમ છે જેને ખર્ચ કરવામાં આવતો ન હોય.**

## -::: યૌમે આશુરા :::-

સિબ્તે રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત અલ્લાહતઆલાને મન્ઝૂર હતી, રોઝે અઝલથી મુકર્રર હતી. આપના બચપનામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપથી વાઅદો લીધો હતો , મેહઝરનામા પર દસ્તખત થયા હતા જેનો વાકેઓ મશ્હૂરો માઅરૂફ છે. શહાદતની જગા અને વક્ત અને હાલાતની રસૂલુલ્લાહએ પૈશગોઈ કીધી હતી અને જે વક્ત પણ ઈમામ હુસૈન (અ.સ.) બચપનમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની મજલિસમાં યા કમરામાં પધારતા તો આપ એના ચહેરાને જોઈને બેસાખ્તા આહોઝારી કરતા અને હર તરહથી એને પ્યાર કરતા હતા. ખુશ રાખતા હતા. આપ હર વક્ત ફરમાવતા કે,"**હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું , બેવે મારા નવાસા હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) દુનિયા અને આખેરતના રયહાન છે.**"

યૌમે આશુરા, ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની યાદમાં આલે મોહંમદ અને અહલે બૈતે નબીને માનનાર શીઆઓ ૧૪૦૦ વરસથી આજ તક મનાવે છે અને ઝારી કરીને જન્નતના ખરીદાર થાય છે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "**જે કોઇ હુસૈન પર રોશે, રોવડાવશે યા રોવા જેવું મૂँહ કરશે તો તેના વાસ્તે જન્નત વાજિબ થઇ ગઇ.**" આપ હુસૈનની મુસીબત પર આહોઝારી અને બુકા કરનારને આ ફઝીલત અને દરજા બખ્શે છે, કેમકે, આપે હુસૈનની નિસ્બત પોતાનાથી આપેલી છે. **બેવેની પૈદાઇશ એક નૂરથી છે.** જો કોઈ હુસૈન ને ખુશ રાખે તો આપને ખુશ રાખા બરાબર છે અને જે કોઈ હુસૈનને નારાઝ કરે તો આપને નારાઝ કીધા બરાબર છે.

હુસૈન (અ.સ.), પંજતને પાક (અ.સ.) ના પાઁચમાં અને આખિરી છે. આપની શાનાત અને ફઝાઈલ નિરાલા છે. આપના પહેલા આપના નાનાજી, બાવાજી, માઁસાહેબા અને ભાઈ શહાદતના જામ પી ચુકેલા છે. આપની શહાદતનો પુરસો હુસૈની મુમેનીન કોણે આપે? આજે ન આપની ઔલાદ ઝાહિરી તૌર પર મુમેનીનની નઝરો સામે મૌજૂદ છે, ન તો આપના બાવાજી, નાનાજી કે અહલ. પણ હાઁ, આપના દાઈ મૌજૂદ છે, જે હુસૈની મસ્નદ પર જલ્વા અફરોઝ છે અને મુમેનીનને આપની ભુખ-પ્યાસ ની યાદ તાઝા કરાવીને ઝારી કરાવી રહ્યા છે. હાલમાં ન હમારા કોઈ નબી છે, ન વસી છે, ન ઈમામ છે, તો આપની શહાદતની તાઅઝીયતનુ પુરસુ હમેં કોણે આપીએ? હમેં દિલના કડવા ઘૂँટ કોણે નઝદીક રોઈને પી જઈએ? કોણી હાઝિરીમાં આપને યાદ કરીએ ? હાઁ, હમારા દરમિયાન ઈમામના નાઈબ મૌજૂદ છે કે, જેને હમેં હુસૈનની શહાદતે ઉઝમાની **તાઅઝીયત અને તસલ્લી** આપી શકીએ.

૧૦૦૦ વરસના લંબા અરસાથી દાઅવતે હાદીયાહની મસ્નદે હુસૈની પર શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) નુ માતમ ઈમામુઝઝમાન (અ.સ.) ની ગૈર મૌજૂદગીમાં દોઆતે કિરામ (રિ.અ.) કરાવી રહ્યા છે, મુમેનીનનું માતમ કુબૂલ ફરમાવી રહ્યા છે. તે સબબથી આજે યૌમે આશૂરા મુમેનીનની ઈમામ હુસૈન (અ.સ.) તરફની વલાયત-અકીદતની પહેચાનની માપનીનો ઝરીઓ છે. યૌમે આશૂરા ના દીન ફક્ત ઈમામે મઝલૂમની જ યાદ તાઝા નથી થાતી પણ પંજતને પાક અને અંબિયા (અ.સ.) ની સબરો શકેબાઈ અને શુક્રો સફાઈની શાન ઝાહિર થાય છે. મૌલાના હુસૈન (અ.સ.) હકીકતમાં હિદાયતનો દિવો છે અને નજાતની કિશ્તી છે. **જે કોઇ શખ્સ આપની માતમી મજલિસને પરામી ગયો તો જાણે કે એ જન્નતી બની ગયો.** ઈલ્મવાલાને નઝદીક કરબલાનો વાકેઓ એક અજબ રાઝ અને ભેદ રાખે છે. સબબ કે, ઈમામ હુસૈન (અ.સ.) નૂબુવત, રિસાલત, વસાયત અને ઈમામતના માલિક હતા. માઅરેફત રાખનાર લોગો ઈમામ હુસૈન (અ.સ.) ને અને આપના અન્સારને "**શજરતે તૈયેબાહ મુબારકાહ**" (પાક મુબારક દરખ્ત) તથા યઝીદ અને એના મલઊનોને "**શજરતે ખબીસાહ મલઊનાહ**" (મલઉન નાપાક દરખ્ત) કહે છે. અહલે બૈતના મોહિબ્બોના ખયાલે શરીફમાં છે કે, હુસૈન હક્ક પર હતા અને યઝીદ બાતિલ હતો. હુસૈન કારીએ કુરઆન, હાફિઝે શરીઅત અને ઈલ્મો અમલના પૈકર હતા અને યઝીદ ફાસિક, ફાજિર, શરાબી, જુઆરી, દુનિયા પરસ્ત અને કૂતરાને રમાડનારો હતો. નૂરાની ઈમામ, ઝોલોમાત (અંધકાર)માં ફસાયેલા નારીને શું કામ બયઅત આપે ? જે ઈમામ ખુદ સાહબે બયઅત હોય, હબ્લુલ્લાહિલ મતીન હોય તેનો એક ગુનાહગાર-બદકાર સાથે મીસાકનો રાબેતો કેમ કાઈમ થાય ? હકીકતમાં ઈમામ હુસૈન (અ.સ.) એ બયઅત અને રાહબરીને

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**સાઈલના સવાલને પૂરો કરવો જોઈએ ભલેને તે ઘોડા પર સવાર થઈને આવે.**

*(પેજ નં. ૩ નું બાકી)* **યૌમે આશુરા....**

લાયક કોણ છે, **તે કરબલાના મૈદાનમાં નમાઝની હાલતમાં ભુખા-પ્યાસા શહીદ થઇને દુનિયાને બતાવી દીધું.**

મૂસા કલીમુલ્લાહ (અ.સ.) એ ખુદાતઆલાની બારગાહમાં અરઝ કીધી કે, યા રબ્બલ આલમીન, તમામ અંબિયાની ઉમ્મતો પર મોહંમદ (સ.અ.વ.વ.) ની ઉમ્મત કેમ ફઝલ, અઝમત અને કરામતમાં ઝિયાદહ થઈ? ખુદાતઆલાએ ફરમાવું કે, ૧૦ ખસલતોથી અફઝલ થઈ છે. મૂસાએ અરઝ કીધી, તે ખસલતો કઇ છે ? ઈરશાદે હક્કતઆલા થયો કે, (૧) નમાઝ (૨) ઝકાત (૩) રોઝા (૪) હજ્જ (૫) જેહાદ (૬) જુમ્આની નમાઝ (૭) ઈમામતની નમાઝ (૮) કુરઆનનું પઢવું (૯) ઇલ્મે હક્ક સાથે અમલનું કરવું (૧૦) યૌમે આશુરાના દિન રોવું. મૂસા (અ.સ.) એ અરઝ કીધી કે, યા રબ્બલ આલમીન, આશુરાના દિન રોવાનો શું સબબ છે ? ખુદા તઆલાએ કહ્યું કે, **અય મૂસા, આશૂરા મોહર્રમુલ હરામની દસમી તારીખને કહે છે.** તે દિન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નવાસા ઈમામ હુસૈન (અ.સ.) પર રોવું છે, એની મુસીબતને યાદ કરીને આઁખોથી અશ્કોને જારી કરવું છે, યા બયાને મસાઇબે અહલે રસૂલ કરીને બીજાને રોવડાવવું છે યા રોવા જેવું મૂઁહ કરવું છે. તે આશુરાના દિન મારા વલી અલીયુલ મુરતઝાના નૂરે નઝર હુસૈન કરબલામાં તીન રોઝના ભૂખા-પ્યાસા મારી રાહમાં મુમેનીનની નજાત વાસ્તે ઝાલિમોના તીરોં અને ભાલાઓ ખાઈને, તલવારોથી ઝખ્મી થઈને ખંજરથી શહીદ થાશે. ઈમામે આલે રસૂલની જિસ્મે પાક પામાલ થાશે અને એના અહલો અયાલ લૂઁટાઇ જાશે. એના ખૈમાઓને ઉમ્મતના ફિત્નાખૌર બદબખ્તો જલાવશે અને એના પાક-દામન, ઈસ્મત-શેઆર હરમના સૈયેદાતને દર-બ-દર ફીરાવશે. અય મૂસા, જે શખ્સ આ હુસૈનની મુસીબત પર રોશે યા બીજાને રોવડાવશે યા દિલને મલૂલ કરીને રોવા જેવો ચેહરો પણ કરશે તો તે રોવાના સબબ જન્નત પાશે. જે કોઈ હુસૈનની ખિદમતો મોહબ્બતમાં એક દિરહમ યા એક દીનાર ખર્ચ કરશે તો એના એવઝમાં ૭૦ ગણો સવાબ આપીશ અને એના સગીરા ગુનાહોને મઆફ કરીશ અને એને જન્નતનો હક્કદાર બનાવીશ. અય મૂસા, કોઈ બૈરો યા મરદ આશૂરાના દિન ઈમામે મઝલૂમ પર આહોઝારી કરીને પોતાની આઁખોને નમ કરશે, અશ્કબારી કરશે અગર તે એક કતરો આઁસૂ હોય, **હું એના વાસ્તે ૧૦૦ શહીદોનો સવાબ લખીશ.**

મૂસા કલીમુલ્લાહ, આશૂરાના દિનની ફઝીલત સાંભલી ઘણા રોયા. અય મુમેનીન, અલ્લાહતઆલાનો ઘણો ફઝલો કરમ છે કે, હમને ઈમામ હુસૈન (અ.સ.) ના માતમદારો કીધેલા છે, કરબલાની સચ્ચાઈથી આશના કીધેલા છે.

મોહર્રમુલ હરામના અશરા મુબારકના દસ અય્યામ અઝાદારાને હુસૈનને જન્નતનું ઈઝન આપે છે, ગુનાહોથી પાકીઝા થાવાની દાઅવત આપે છે. જમન જમવાની કોઈ દાઅવત આપે અને જો તેમાં શરીક ન થવાય તો કહેવાય છે કે, એનો જમનની નેઅમતોમાં હિસ્સો નહી લખાયો હોય. એવી જ રીતે જો મજલિસે હુસૈન (અ.સ.) ની દાઅવત આપવામાં આવે અને કોઈ શખ્સ તેમાં હાઝિર ન થાય તો ઝરૂર એને રૂહાની નેઅમતોને ઠોકર મારી, જન્નતના ઈઝનને કુબૂલ ન કીધું. અલ્લાહતઆલા તું હમને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની દોઆની બરકતથી ઈમામ હુસૈન (અ.સ.) ની આહો બુકાના આઁસૂના લાકીમત ગૌહરથી હમારા દામનોને ભરનારા કરજે અને તે આઁસૂઓના ફૈઝથી હમારા ગુનાહોને ધોનારા કરજે. રબ્બના તકબ્બલ મિન્ના દોઆઅના. ★

## -::: મોહબ્બત : ગુનાહોનો કફ્ફારો :::-

મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે, કોઈ શખ્સ અલ્લાહની ખુશનૂદી ખાતિર હમારા અહલે બૈત (અ.સ.) થી મોહબ્બત કરશે તો આ મોહબ્બત એને ઝરૂર ફાયદો કરશે. અગર તે દૂરો દરાઝ દૈલમના કેદખાનામાં કેદી કેમ ન હોય ! જે શખ્સ દુનિયાની લાલચ વાસ્તે હમારી મોહબ્બત કરશે તો અલ્લાહતઆલા તેના સાથે જે ચાહશે તે કરશે. કસમ અલ્લાહની ! **હમારા અહલે બૈત (અ.સ.) ની મોહબ્બત ખિરાવી નાખે છે તમામ ગુનાહોને** જે મુજબ સખ્ત તૈઝ હવા સુકાયેલા પાંદડાઓને દરખ્ત પરથી પોતાના સાથે ઉડાવીને લઈ જાય છે.★

**ખોટી વાતથી માલ તો વેચાઈ જાશે મગર તેમાંથી બરકત ખત્મ થઈ જાશે.**

## ઝાકિરાને મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) મુમેનીનની ખિદમતમાં પૈશ કરે છે, અકીદતમંદીનો

# ગુલ્દસ્તએ માતમે હુસૈની

### અહલે બૈતે હરમ (અ.સ.) ના પુરસૌઝ નૌહાઓનો મજમૂઓ

સૈયેદુશ શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ની બૈતે મોહંમદીમાં વિલાદત-પેદાઈશ થઈ તે વક્ત જિબ્રઈલ અમીન ઝમીન પર નાઝિલ થયા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આપના નવાસાની વિલાદતની ખુશખબરી આપી. આપ આ પૈગામે વિલાદતે હુસૈનથી બેહદ ખુશ થયા. તે બાદ જિબ્રઈલે ફરમાવું કે, અય નબીયલ્લાહ, **આપના બાદ આપની ઉમ્મતના જ લોગો આપના આ નવાસાને કત્લ કરશે.** આપ આ સાંભલીને આહોઝારી કરવા લાગા. આપના સાથે અલીએ આઅલા અને માઁ ફાતેમા પણ રોવા લાગા. વિલાદતના મૌકા પર અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને મસાઈબે હુસૈન (અ.સ.) ની ખબર કીધી અને તમામ આસ્માનોના ફરિશ્તાઓ રોવા લાગા. હુસૈન (અ.સ.) ની વિલાદતના વક્ત આ પહેલી મજલિસે અઝા આસ્માન પર આરાસ્તા થઈ અને ઝમીન પર રસૂલેખુદા (સ.અ.વ.વ.) ના બૈતુશ શરફ પર મજલિસે માતમે હુસૈની બરપા થઈ.

આ સુન્નત પર તમામ અઈમ્મત અને દોઆત અમલ કરી ગયા છે યહાઁ તક કે, આજે જે મૌઝેઅ-જગા પર નૂરાની મસ્જિદમાં અશરા મુબારાની મજલિસે અઝા ને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) જે તૌર-તરીકા પર બરપા કરે છે તે **૧૪૦ વરસથી** જારી છે જેની બિના ૪૦ માં દાઈએ અન્વર સૈયેદના અમીરૂદ્દીન સાહબ (ક.રૂ.) કરી ગયા છે. માતમે હુસૈનીથી મુમેનીનના ઘરોને ઝિંદા કરવા સૈયેદના સાહબનું ફરમાન થયુ કે, "**આ ૧૪૩૦ હિ. ના સાલમાં, અય મારા ખુદ્દામ, તમેં ફૈઝે હુસૈનીને મુમેનીનમાં નૌહા ખ્વાનીથી જારી કરો અને માતમે અહલે બૈતે (અ.સ.) થી મુમેનીનના કલબો ઝમીરને રોશન કરો.**"

આપ મૌલાના આ ફરમાને આલીથી હમારી કોશિશ ખિલી અને તેનો ખુશગવાર નતીજો, આ "**ગુલ્દસ્તએ માતમે હુસૈની**" નો મજમૂઓ છે. મુમેનીન પોતાના ઘરમાં, દુકાન-કારખાનામાં, ગાડીમાં, કોમ્પ્યુટર વગૈરામાં આ મજમૂઆનો ખૈર ઈસ્તેમાલ કરી બરકાતે હુસૈનીયાહથી ફૈઝયાબ થાય એમ હમારી ઉમ્મીદે દિલી છે.

❄ આ મજમૂઆનો હદીયો : **રૂા.૪૪/-**

❄ નૌહાઓના ઈબ્તેદાઈ અશ્આર અપની વેબસાઈટ **www.alavibohra.org** પર મુકવામાં આવા છે.

❄ નૌહાઓનું લિસ્ટ નીચે મુજબ છે :

(૧) ઈબ્તેદાઈ બયાન
(૨) ખૈરૂલ અનામ
(૩) ઈબ્ને ઝહરાની મજલિસમાં આવો
(૪) કહેતા થા સકીના, મારા કાકાજી આવો
(૫) પંજતન પાક કી મજલિસ હે
(૬) કહેતી હે કરબોબલાકી ઝમીં
(૭) અલી અકબર-તુમ હો ઝૈનબ કે દુલારે
(૮) ઈબ્ને હૈદર યા હુસૈન
(૯) કરબલા કે મુસાફિર હુસૈના
(૧૦) બાબા અબ આઈયે
(૧૧) અકબર કી સદા આતી હે
(૧૨) શબ્બીર કા માતમ કલ ભી થા
(૧૩) હુસૈના હાય હુસૈના
(૧૪) અય ગરીબુલ વતન
(૧૫) લાશએ કાસિમ કો મૈદાઁ સે
(૧૬) સિરાતે મુસ્તકીમ હે
(૧૭) શબ્બીર બહરે હાલ તેરા નામ રહેગા
(૧૮) અય બેઝબાન અસ્ગર
(૧૯) અય કરબલા યે સબ ને
(૨૦) હુસૈનુમ મિન્ની વ અના મિનલ હુસૈન
(૨૧) શોરે માતમ હૈ
(૨૨) મેરે મઝલૂમ ઈમામ
(૨૩) અબ્બાસ તેરે સોગ મેં
(૨૪) કબ્રે પયમ્બર અલ-વદાઅ
(૨૫) પુકારી ઝૈનબ ગરીબ રો રો
(૨૬) હુસૈન કે નામ
(૨૭) ઈન્નલાહ મઅસ સાબેરીન
(૨૮) રન સે જબ અકબર કા લાશા આયેગા
(૨૯) ઝૈનબ જાએ કહાઁ
(૩૦) શબ્બીર કા માતમ હે.

**આ મજમૂઆની CD હાસિલ કરવાની જગા :**

મુલ્લા ઈબ્રાહીમભાઈ બરોડાવાલા,
વાડી, બદરી મોહલ્લા, નાઝ બોક્ષના મકાનને બાજુમાં,
વડોદરા. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦,
૯૭૨૪૪૩૪૪૮૭ (અલીભાઈ) ★

**અલ્લાહની ઈતાઅતમાં ભરપૂર સઆદત સાથે ઉમ્રદરાઝી છે.**

## " ફીર ચાઁદ મોહર્રમ કા ફલક પર નઝર આયા "

ફિર ચાઁદ મોહર્રમ કા ફલક પર નઝર આયા,
હર ઘરમેં હમેં માતમે સરવર નઝર આયા,
લો આ ગયે અય્યામે બુકા પીટો મોહિબ્બો,
યે ચાઁદ નઝર આયા કે મેહશર નઝર આયા,
રોતી હુઈ ઝહરા ભી જિના સે ચલી આઈ,
જબ દશ્ત પૂર આશૂબ મેં દિલબર નઝર આયા,
દહેશત સે સિતમગારો કે ચેહરે હુએ પાની,
દરિયા પે જો અબ્બાસે દિલાવર નઝર આયા,
ટૂકડે હુવા દિલ તૂટી કમર ઝૂક ગયે સરવર,
બે દસ્ત જો વો શૈરે ગઝન્ફર નઝર આયા,
ગશ આ ગયા શેહ કો ન રહા ઝબ્ત કા પારા,
જબ નૌકે સિના મેં દિલે અકબર નઝર આયા,
સર પીટકે ફરમાને લગે સૈયદે વાલા,
પીરી મેં મુઝે લાશેએ દિલબર નઝર આયા,
ઝૂલે સે ઉઠા લાયે હૈં બેશીર કો રનમેં,
જબ પ્યાસ સે માઅસૂમ વો મુઝતર નઝર આયા,
કયા ઝિક્ર ભલા દોસ્ત કા રોને લગે દુશ્મન,
મુરઝાયા હુવા જબ વો ગુલેતર નઝર આયા,
ઝૈનબ ને દરે ખૈમે સે જિસ વકત નઝર કી,
તલવાર કે નીચે સરે સરવર નઝર આયા,
થર્રા ગયા દિલ છા ગયા આઁખો મેં અંધેરા,
સર પીટ લીયા હાય વો મંઝર નઝર આયા,
જબ ખૈમે સે રોતી હુઈ સર ખોલ કે નીકલી,
પહોંચી જો કરીં લાશએ બે સર નઝર આયા,
ચિલ્લાઈ કે હયહાત સફર કર ગયે ભાઈ,
અફસોસ યે કૈસા મુઝે મહેશર નઝર આયા,
હૈં ફર્શ સે તા અર્શ બપા માતમે શબ્બીર,
સદ ટૂકડે દિલે સાકિયે કૌસર નઝર આયા,
હમ શહ કે અઝાદાર હુએ ઉસમે અજબ કયા,
ઈસ ગમમેં ફરિશ્તો કા ખૂલા સર નઝર આયા,
ઈન આઁસૂઓ કી કદ્ર ભલા કયા કોઈ જાને,
હર અશ્ક ચમકતા હુવા ગૌહર નઝર આયા,
રોને કે એવઝ ખૂલ્દ મેં ઘર દેતી હે ઝહરા,
કયા ઔજ પે શીઓંકા મુકદ્દર નઝર આયા,
આખિર હુઈ જાતી હે મેરી ઉમ્ર દો રોઝા,
અબ તક ન મુઝે રોઝએ અનવર નઝર આયા,
બતલાઓ મેં કિસ જુર્મ કે હમરાહ હું, વર્ના,
સાઈલ કોઈ માયૂસ ના દર પર નઝર આયા,
કુછ રોને રૂલાને કા ભી અબ કર લે તું સામાન,
ફિર ચાઁદ મોહર્રમ કા ફલક પર નઝર આયા. ★

## નિદાએ ખુદા અપને બંદએ ખાકસાર કે લીયે " તો કહેના "

મેરી તરફ આ કરકે તો દેખ, તેરા ખયાલ ન રખું "**તો કહેના**".
મેરે નબી કે દુશ્મનોસે બરાત કરકે તો દેખ, તુઝે હિદાયત ન દૂં "**તો કહેના**".
મેરે લિયે કુછ ખિદમતે ખલ્ક કરકે તો દેખ, ભલાઈ કે ખઝાને ખોલ ન દૂં "**તો કહેના**".
મેરી રાહ મેં ખર્ચ કરકે તો દેખ, તેરી કીમત ન બઢાઉં "**તો કહેના**".
મેરી હમ્દો સના કરકે તો દેખ, મહેરબાની કી બારિશ ન બરસા દૂં "**તો કહેના**".
મેરી ઈબાદતમે અપના વક્ત કુરબાન કરકે તો દેખ, રહેમત કે મોતી સે ન નવાઝૂ "**તો કહેના**".
મેરે દર પર ગુનાહોં સે નાદિમ હો કર તો દેખ, તેરે લીયે બખ્શિશ કા દરિયા ન બહા દૂં "**તો કહેના**".
રાહે રાસ્ત પર ચલકર તો દેખ, તેરી ઉમ્મીદોં કો પરવાઝ કરને કી કૂવત ન દૂં "**તો કહેના**".
મેરી મખ્લૂક પર રહેમ કરકે તો દેખ, તેરા નામ યાદગાર ન બના દૂં "**તો કહેના**".
તું મેરા બનકર એક બાર તો દેખ, હરએક કો તેરા ન બના દૂં "**તો કહેના**". ★

## -::: દરસે તૈયેબી :::-

મોહર્રમુલ હરામમાં દરસે તૈયેબી ઈન્શાઅલ્લાહ ૧૩ તારીખથી ઈબ્તેદા થાશે. બદરી મોહલ્લા નૂરાની મસ્જિદમાં ૧૩ મીએ રાતે ૭:૩૦ વાગે અને આજવા રોડ તૈયેબી મસ્જિદમાં ૧૪ મીએ રાતે ૮:૦૦ વાગે દરસ રાખવામાં આવો છે. મુમેનીન મુશ્ફેકીન વક્ત સર હાઝિર થાય એમ ઈલ્તેમાસ છે. ★

**ભલાઈના ખઝાનાઓ માંથી મુસીબતોને, બીમારીઓને અને સદકાને છુપાવવું છે.**

## -::: તારીખે તૈયેબીના સફહાતમાંથી :::-

# સૈયેદી મુસનજી બિન તાજ સાહબ (રિ.અ.)

## ઉર્સ : ૨૮ મોહર્રમ

યમન મુબારક, ૯૭૪ હિ. પહેલા દાઅવતે હાદીયાહનું મરકઝ હતું. તે વક્ત અહમદાબાદમાં મવાલીએ તાહેરીન (રિ.અ.) એ દીને તૈયેબીની ખૂબ ખિદમત અંજામ આપી અને સાથે સાથે વડોદરાના સાહબો પણ હુદૂદો તેમજ ફાઝિલ લોગોના ઝુમ્રામાં શામિલ હતા. ૨૪ માં દાઈએ મુત્લક સૈયેદના યૂસુફ નજમુદ્દીન (ક.રૂ.) ના વક્તથી દાઅવતનું મરકઝ યમનથી અહમદાબાદ મુન્તકલ થયું, તે ઝમાનમાં વડોદરાના ખિદમતગુઝારો અને જૉંફિદાઈયો સરે ફેહરિસ્ત હતા. આ સાહબોમાં સૈયેદી મુસનજી બિન તાજ સાહબ (રિ.અ.) નું નામ મશ્હૂરો માઅરૂફ છે. વડોદરામાં આજે જે ફખરી મોહલ્લાનો ઈલાકો છે, ત્યાં આપનું બૈતે શરફ હતું, મકાન હતું. ૨૬માં દાઈએ મુત્લક સૈયેદના બુરહાનુદ્દીન દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) ના ઝમાનમાં આપ દાઈયુલ્લાહના મોહિબ્બે ખાસ અને મુખ્લિસો સાદિક હતા. આપનો મઝારે અન્વર આજે વડોદરામાં પાનીગેટ ઈલાકામાં મૌજૂદ છે અને મુમેનીનની **મુશ્કિલકુશાઇ અને હાજતરવાઇ** વાસ્તે અફઝલુલ વસીલા છે. આપ શહાદતના દરજએ અઝીમાથી ખાસ થયા છે.

કપડવંજના સાહબે કરામત સૈયેદી ખોજ બિન મલક સાહબ પોતાના તારીખના એક રિસાલામાં બયાન કરે છે કે, હમેં અહમદાબાદના કૈદખાનામાં હતા. ઝુલ્મ અને તશદ્દુદના સખ્ત હાલાત હતા. અહલે ઈમાન પર મુસીબતના અય્યામ હતા. સૈયેદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ, મૌલા અલી મોહંમદ હુસામુદ્દીન અને હું, સુલૈમાન લઇનના દાઅવાના સબબ હાકિમ શાહ મુરાદે હમને કૈદ કીધા હતા. સુલૈમાનની આ ફિત્નતમાં ઘણા મુમેનીનને જાનો માલનું ભારી નુકસાન બરદાશ્ત કરવું પડું હતું. એક દિન કૈદખાનામાં દારોગા મુગલ ચગાબેગ મને પૂછે છે કે, મેં એમ સાંભલું છે કે, તમારા બાવાજીને હાકિમ કુત્બુદ્દીને કત્લ કીધા છે. આપ ફરમાવે છે કે, મારા વાલિદ તો હજ્જની સફરમાં વફાત થયા છે, લેકિન શહાદતનું જામ પીનાર તો **મૌલા મુસનજી બિન તાજ સાહબ છે.**

સૈયેદી મુસનજી મરદે ફાઝિલ હતા, મુમિને કામિલ હતા, અલ્લાહના વલી હતા. આપે હજ્જે બયતુલ્લાહના સફરની નિય્યત કીધી અને એમ મિન્નત લીધી કે, "**જો અલ્લાહતઆલા મને દીદારે કાઅબતુલ્લાહ નસીબ કરશે, હજ્જથી મુશર્રફ કરશે અને મને વતન તરફ સેહત અને સલામતી સાથે પાછો ફીરાવશે તો હું મારી પાક દૌલત માંથી મસ્જિદ બનાવીશ, અલ્લાહના નામ પર ખર્ચ કરીશ.**" અલ્લાહતઆલાએ આપની ઉમ્મીદને પૂરી કીધી અને આપે સૈયેદના સાહબની રઝાથી એક આલીશાન મસ્જિદ તાઅમીર કરાવી. જે જગા પર આપ રહેતા હતા ત્યાં મુમેનીન વાસ્તે ઈબાદતનું એક મરકઝે ખાસ તૈયાર કરાવું. આ ફખરી મસ્જિદ આજે દાઅવતે હાદીયાહના સાયએ રઝાની બરકતથી આબાદ છે, જે સૈયેદી સાહબના અઝીમ એહસાનની યાદ અપાવે છે. આપની આ દાઅવત મસ્જિદ ના મોહિબ્બો વાસ્તે ઈતાઅતગુઝારીની એક ઝિંદા નિશાની છે, જેમાં હર સાલ હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) રમઝાનુલ મોઅઝ્ઝમમાં શબે ઉર્સે મૌલાના અલી (અ.સ.) ની મજલિસ વાસ્તે તશરીફ લઈ જાય છે.

મસ્જિદ તાઅમીર થયા બાદ સૈયેદી સાહબે સૈયેદના દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) ને મસ્જિદનું ઈફતેતાહ કરવા ઈઝને ખુસૂસી અરઝ કરી અહમદાબાદથી વડોદરા તલબ કીધા અને ફાતેમી શાન સાથે ઈફતેતાહ થયું. તે વક્ત હાકિમ કુત્બુદ્દીનનો આમિલ વડોદરામાં સલાહુદ્દીન હતો. ઘણો ચાલાક, બદબખ્ત અને અવ્વલ નંબરનો દુશ્મને આશિકે મૌ.અલી (અ.સ.) હતો. રસમ મુજબ લોગો સલાહુદ્દીનને ઈફતેતાહ વાસ્તે બોલાવતા હતા. સલાહુદ્દીનને ખબર પહોંચી કે, અહલે બવાહિરના મુલ્લાં મુસનજીએ એના દાઈને અહમદાબાદથી મસ્જિદના ઈફતેતાહ વાસ્તે બોલાવા છે. દુશ્મનીની આગથી તે નાપાકનું દિલ ભડકી ઉઠું અને સૈયેદનાની ગિરફતારીનો હુકમ કીધો. સૈયેદના સાહબ આપના હુદૂદો સાથે અહમદાબાદ રવાના થાવાના જ હતા કે, સલાહુદ્દીનના સિપાહીઓએ આપને ઘેરી લીધા અને કૈદખાનામાં લઈ ગયા. સૈયેદી મુસનજી ખુદ ગિરફતાર થઇ ગયા અને રાતો રાત સૈયેદનાને કૈદખાનામાંથી છોડાવીને અહમદાબાદ સહીહો સાલિમ રવાના કરી દીધા. સલાહુદ્દીનને જે વક્ત ખબર પડી કે,

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**મુમિન વાસ્તે ખુશનસીબી છે કે, એ પોતાના બાવાજી જેવો નેક બને.**

*(પેજ નં. ૭ નું બાકી)* ***તારીખે તૈયેબી....***

કેદખાનામાં ખુદ મુસનજી છે અને એના સૈયેદના અહમદાબાદ વાસ્તે નીકલી ચુકા છે તો તે નાપાકના ગુસ્સાની કોઈ ઈન્તેહા ન રહી. **તે નાપાકે સૈયેદી મુસનજી સાહબને કત્લ કરવાનો હુકમ સાદિર કીધો.** એક રિવાયતમાં છે કે, તે નાપાકના સિપાહીઓ આપને શહેરથી બાહર જંગલમાં લઈ ગયા અને ત્યાં આપે શહાદતનું જામ પીધું. બીજી રિવાયતમાં છે કે, આપને કેદખાનામાંથી લાવી લોગો દરમિયાન તમાશો કરવા ઘણો માર મારવામાં આવો યહાઁ તક કે, આપ બેહોશ થઈ ગયા. તે બાદ માંડવીના દરવાઝા નઝદીક આપને ઉકલતા તેલની મોટી દેગમાં નાંખવામાં આવા અને પછી આપના લાશા મુબારકને સાંકલોથી બાંધીને પાનીગેટના દરવાઝા તક ખેંચીને લઈ જાવામાં આવા જ્યાં શહેરનો ઉકલ્લો હતો. તેમાં આપના લાશાને નાંખી દેવામાં આવા. મુમેનીન બીજા દિન શું જોઈ છે કે, **આપના લાશાની જગા પર ફૂલોનો ઢગલો છે.** તે જગા ખુશ્બૂથી મહેકી રહી છે. આ તે જ જગા છે જ્યાં આજે આપનો મઝારે અન્વર છે. સલવાતો સલામ પઢજો અલ્લાહતઆલા તે વલીએ કામિલ પર જેએ રાહે હક્કમાં પોતાની ઝિંદગી નીછાવર કીધી. અલ્લાહે તે નાપાક સલાહુદ્દીનને એવી સખ્ત સઝામાં ગિરફતાર કીધો કે, સૈયેદી સાહબની શહાદત બાદ તેની પીઠ પર એક મોટું પાઠું નીકલું જેમાંથી સહેન ન થાય તેવી બદબૂ આવતી હતી. આ બદબૂ એવી શદીદ હતી કે, તેના ઘરને આસપાસ રહેતા લોગો બદબૂથી નજાત મીલે તે વાસ્તે અલ્લાહની પનાહ ચાહતા હતા. તે નાપાકની મૌતનો ઈન્તેઝાર કરતા હતા. આખિરી અય્યામમાં તે દર્દના સબબ દિવસ-રાત બુમો પાડવા લાગો, જમવા-પીવાથી લાચાર થઈ ગયો, તેના અહલ તેને એકલો બિસ્તરે મૌત પર છોડીને ચાલા ગયા અને આ મુજબ ફકીરીની હાલતમાં તે ઝાલિમ હલાક થયો.

સૈયેદી મુસનજી સાહબના ભાઈ **સૈયેદી મીયાઁજી બિન તાજ સાહબ (રિ.અ.)** છે. આપ સૈયેદના યૂસુફ નજમુદ્દીન બિન સુલૈમાન (ક.રૂ.) ના હુદૂદ માંથી હતા. દાઅવતના ઊલૂમો ફુનૂનના ઈલ્મી ખઝાનાઓને હાસિલ કરવા આપે યમન હિજરત કીધી અને ત્યાં સૈયેદનાની હઝરતમાં એક મુદ્દત તક રહ્યા અને ખૂબ ખિદમત કીધી. એ જ મુજબ હિન્દુસ્તાન આવીને સૈયેદના દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) ની પણ ખિદમતનો શરફ હાસિલ કીધો . આપ ૧૪ રબીઉલ અવ્વલ હિ.૯૯૯ માં ઈન્તેકાલ કરી ગયા. **આપની કબરે અન્વર ઉમરેઠમાં છે.** હઝારો ઝવ્વાર આપના મઝાર પર ઝિયારતની બરકત લેવા આવે છે. ઉમ્મીદ હાસિલ કરે છે અને હર તરહની શિફાને પાઈ છે. અલ્લાહતઆલા મુમેનીનને આ હમારા મવાલીએ તાહેરીનની ઝિયારતથી શરફયાબ કરજો અને તેઓના વસીલાથી હમારી દોઆમાં તાસીર બખશજો. આમીન. ★

**કૌમી અખ્બાર " અલ-હાદી " ની પાઁચમી**

## સાલગિરાહ

**કારેઈનનો ઈઝહારે મસર્રત**

કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા,
મેહજબીં માહરૂ હે યે અલ-હાદી હમારા.
જબસે વો મંઝરે આમ પર આ ગયા,
અપની શમ્અ સે હર ઘરકો ચમકા ગયા,
ઝૂફિશાં ચાર સૂ હે યે અલ-હાદી હમારા,
કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા.
ઝિક્ર ઉસકા તો હે હરએક ઘર મેં,
ઉસકી તસ્વીર પોશીદા હે હરએક દિલ મેં,
હર તરફ છા ગયા હે યે અલ-હાદી હમારા.
કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા.
દહર મેં ઉસકે દમ સે ઉજાલા હુવા,
શશ જેહત દેખ લો બોલબાલા હુવા,
જા-બ-જા, કૂ-બ-કૂ હે યે અલ-હાદી હમારા,
કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા.
આસ્માને અદબ પર તા હશ્ર ચમકતા રહે,
અલવી કૌમ કા યે ગુલશન મહકતા રહે,
પયકરે રંગો બૂ હે યે અલ-હાદી હમારા,
કિસ કદર ખૂબરૂ હે યે અલ-હાદી હમારા. ★

**જે શખ્સ કોઈ ગુનાહ કરવાનું વિચારે અને એ ન કરે તો એની એક નૈકી લખાય છે.**

**જે શખ્સ મુમિન પર મહેરબાની કરશે તો અલ્લાહ એના પર વધારે મહેરબાન થાશે.**

**જે શખ્સ મૌતથી ડરશે તો એ ખોટી લઝ્ઝતોથી દૂર રહેશે.**

## -::: ઝાહેર ખબર :::-

**ન્યુ ગોલ્ડન સ્ટીલ ફર્નીચર**

દરેક ઝાતનું સ્ટીલ ફર્નીચર, કબાટ, ગોખલા, દીવાલની ફ્રેમો, રસોડાની ફ્રેમો, ફેબ્રીકેશનનું કામ. ગેલ્વેનાઈઝડ પતરાની સુપડા-સુપડી, ખુમચા, માપીયા, જૂના કબાટ-તીજોરી રીપેરીંગ તથા કલર કામ કિફાયત ભાવે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

પ્રો.અબ્બાસભાઈ અલીભાઈ સોરંગવાલા
હરીશ પેટ્રોલ પંપ પાછલ,, પાનીગેટ,
બાવામાન એસ્ટેટ, વડોદરા.
મો.: ૯૯૦૪૭૩૯૬૮૭, ૯૮૨૪૩૧૯૮૦૮ ★

**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઈ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનનાં બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઈમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

## -::: હમારા ચમકતા સિતારા :::-



**બહેન તરન્નુમ અલી અસ્ગરભાઈ બાકરોલવાલા** એ Indira Gandhi National Open University, New Delhi ના માતહત June 2008 માં લેવામાં આવેલી MBA (Financial Management) ની ઈમ્તેહાનમાં First Class થી કામિયાબી હાસિલ કીધેલી છે. ★



**ભાઈ અમ્મારહુસૈન ભાઈસાહેબ કાસિમઅલી એ** Rajiv Gandhi University of Health Sciences, Karnataka ના માતહત October 2008 માં લેવામાં આવેલી B.Pharm. ની ઈમ્તેહાનમાં First Class (71%) થી કામિયાબી હાસિલ કીધેલી છે. ★

અલ્લાહતઆલા હમારા નૌજવાનોને ઈલ્મી મૈદાનમાં ઔજ અને બલંદી પર પહોંચવાની હિમ્મત-હોસલો અતા ફરમાવે. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::-
## નિસ્બતને સહેલ કરવાની તદબીર

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં યા લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| **ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches** (Approx.) |
|---|
| **3 મહીના : 150/- Rs.** |
| **6 મહીના : 300/- Rs.** |
| **1 વરસ : 600/- Rs.** ★ |

## -::: વાહ ! ક્યા બાત કહી :::-

૩,૦૬,૭૨,૦૦૦ સેકંડ "**યા હુસૈન**" ની નિદા
દિલથી પુકારવામાં આવે તો .......
ઈન્શાઅલ્લાહ, ૧૪૩૦ હિ. ના નવા સાલના
૧૨ મહીના ખુશી મીલે,
૫૪ અઠવાડીયા રાહત મીલે,
૩૫૫ દિવસ કામિયાબી મીલે,
૮,૫૨૦ કલાક તંદુરસ્તી મીલે,
૫,૧૧,૨૦૦ મીનીટ નસીબ ચમકે.★

**જે ચુપ રહે તે બચી જાય.**

**જેને એની સખાવતના એવઝનું યકીન હોય છે તે ઝિયાદહ સખી થાય છે.**

*(પેજ નં. ૧ નું બાકી)*

**ઈમામ હુસૈન (અ.સ.)....**

માટી લાવીને આપને બતાવું કે, જે જગા પર હુસૈન (અ.સ.) શહીદ થાવાના છે. આપ બેહદ ગમગીન થઈ ગયા અને આપે રઅદને તે ઝમીનની ખાક બતાવવાનું કહ્યું. રઅદે એક પલમાં મશરિકની તરફ પોતાની પાંખોને ફેલાવી અને કરબલાથી લાલ માટી ઉઠાવી લાવો અને આપ (સ.અ.વ.વ.) ની ખિદમતમાં અરઝ કીધી. આપ રોતા રોતા કમ્રાથી બાહર નીકલા અને ફરમાવવા લાગા કે, **મારા ફરઝંદ હુસૈન બિન અલી ને મારી મૌત બાદ ઝાલિમો કત્લ કરશે.**

મૌ.ઝયનબ બિન્તે જહશ (રિ.અ.), ઝૌજએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, આપ (સ.અ.વ.વ.) મારા ઘરમાં આરામ ફરમાવી રહ્યા હતા. તે વક્ત મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ઘણા નાના-કમસિન ફરઝંદ હતા. ઘરમાં રમી રહ્યા હતા અને એ આપના પેટ મુબારક પર બેસી ગયા અને ત્યાં જ પૈશાબ કીધી. હું એમને ત્યાંથી લઈ જાવા વાસ્તે દોડી તો આપે ફરમાવું કે, મારા ફરઝંદને એમ જ રહેવા દો. તો મેં એમને ત્યાં જ છોડી દીધા. જ્યારે થોડી વાર એમને આપના પેટ પર રમી લીધું પછી આપે પેટ પર પાની નાખું અને મૌ.હુસૈનને પોતાની ગોદમાં ઉઠાવી લીધા. પછી નમાઝ પઢવા લાગા. આપ જે વક્ત કિરાત-કયામની હાલતમાં જાતા તો એમને ગોદમાં ઉઠાવી લેતા, અને જે વક્ત સજદામાં જાતા યા તહીયાત વાસ્તે બેસતા તો આપને બાઝુમાં બેસાડી દેતા. આ મુજબ આપે નમાઝને પૂરી કીધી. પછી મેં જોયું કે, આપ દોઆ ફરમાવી રહ્યા હતા. બંને હાથ ઉંચા કરીને ઘણા નરમ લેહજામાં કંઈ પઢી રહ્યા હતા. ત્યારે મેં પૂછ્યું કે, યા રસૂલલ્લાહ (સ.અ.વ.વ.), મેં ક્યારે પણ આપને આ મુજબ નમાઝ પઢતા જોયા નથી. આપે ફરમાવું કે, મારા પાસે જિબ્રઈલ અમીન આવા હતા. તેમને મને ખબર આપી કે, મારો આ ફરઝંદ મારા ઈન્તેકાલ પછી નમાઝની હાલતમાં કત્લ કરવામાં આવશે. જિબ્રઈલે મને કહ્યું કે, જો તમેં ચાહતા હોય તો હું તે માટી પણ તમને બતાવું કે **જેના ઉપર હુસૈન ભૂખા-પ્યાસા શહીદ થાશે.** મેં તે માટી જોવા માંગી તો એમને મને તે લાલ માટી લાવી ને બતાવી.

શયબાન બિન મખઝૂમ રિવાયત બયાન કરે છે કે, હમેં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને સાથે જઈ રહ્યા હતા. એકાએક કરબલાની ઝમીન આવી. આપે પૂછ્યુ કે, આ ઝમીનનુ શું નામ છે? લોગોએ કહ્યું કે, આ ઝમીન કરબલાના નામથી ઓલખાય છે. આપે ફરમાવું કે, કરબો બલા છે, યાઅની દુ:ખ અને આફતની ઝમીન છે. પછી આપ આપની ઘોડી પરથી ઉતરી ગયા અને થોડે દૂર એક ઉંચા ટેકરા પર બેસી ગયા. આપે ફરમાવું કે, **"આ જગા પર એવા શહીદો શહાદતનું જામ પીશે જેઓ આ દુનિયાની પીઠ પર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનના શહીદો બાદ તમામ કરતા અફઝલ શહીદો હશે."** જે વક્ત આપ ત્યાંથી ઉઠા તો ત્યાં આપે જંગલી ઘોડાના હાડકા પડેલા જોયા. મેં મારા ગુલામને કહ્યું કે, એ હાડકાઓ માંથી એકાદ હાડકું ઉઠાવી લાવ. તે લાવો તો મેં કહ્યું કે, તે જગાને ખોદો જ્યાં મૌ.અલી (અ.સ.) બેસા હતા. **તો મેં તે જગા પર નિશાનીના તૌર પર હાડકાને ખોસી દીધું.** જે વક્ત ઈમામ હુસૈન (અ.સ.) શહીદ થયા તો મેં મારા સાથીઓને તે જગા પર જાવા વાસ્તે કહ્યું. તો હમેં જોયું કે, ઈમામ હુસૈન (અ.સ.)નું જિસ્મે પાક તે હાડકાને આગલ પડેલું છે જે હાડકાને વરસો પહેલા નિશાની તરીકે મૂકું હતું. આ સાથે આપના અસ્હાબોના લાશા પણ આપને ચારે તરફ પડેલા હતા. ★

**મુસીબત પર સબ્ર કરનાર અને ગુસ્સો ગીલી જાનારને અલ્લાહ અજરે અઝીમ આપે છે.**

**જે નમનતાઈ કરે તો અલ્લાહ એને બલંદ કરે.**


<u>સાલાના લવાઝેમાત</u> **(<u>Yearly Subscription</u>)**

**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.

મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**

(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★